


## વિજય દેવરકોંડા અને રશ્મિકા મંદાનાએ પ્રભુતામાં પગલાં પાડ્યા

**દેવરકોંડા** દંપતિએ લગ્ન પછી પ્રેમભર્યા સંદેશાઓ અને ફોટા શેર કર્યા





ઉદયપુર, તા. ૨૬ (PTI): અભિનેતા વિજય દેવરકોંડા અને અભિનેત્રી રશ્મિકા મંદાના ગુરુવારે ઉદયપુરની સીમમાં આવેલી એક લક્ઝરી હોટલમાં નજીકના પરિવાર અને મિત્રોની હાજરીમાં એક ખાનગી સમારોહમાં લગ્નગ્રંથીથી જોડાયા હતા અને સોશિયલ મીડિયા પર તેમનાં લગ્નના ફોટા શેર કર્યા હતા. દંપતીએ પોતપોતાના ઇન્સ્ટાગ્રામ હેન્ડલ પર શેર કરેલા ફોટામાં રશ્મિકા લાલ સાડી અને પરંપરાગત સોનાના દાગીનામાં સજ્જ જોવા મળી હતી, જ્યારે દેવરકોંડા ઓફ-વ્હાઇટ ધોતી અને લાલ શાલમાં તેમની સાથે શોભી રહ્યા હતા. લગ્નના ફોટાના કેપ્શનમાં દેવરકોંડાએ લખ્યું, ' 'મેં તેને એવી રીતે યાદ કરી કે મને લાગ્યું કે જો તે મારી આસપાસ હોત તો મારો દિવસ વધુ સારો હોત. જાણે કે તે મારી સામે બેઠી હોત તો મારું જમવાનું વધુ પૌષ્ટિક લાગ્યું હોત. જો તે મારી સાથે વર્કઆઉટ કરતી હોત તો તે વધુ મજેદાર હોત અને સજા જેવું ઓછું લાગ્યું હોત. મને તેની જરૂર હતી - માત્ર ઘર જેવી શાંતિ અનુભવવા માટે, પછી ભલે હું ગમે ત્યાં હોઉં. તેથી, મેં મારી શ્રેષ્ઠ મિત્રને... મારી પત્ની બનાવી દીધી.'' મંદાનાએ કેપ્શનનું શીર્ષક ''હવે તમને પરિચય કરાવી રહી છું મારા પતિનો!'' આપ્યું હતું. તેના ' 'ડિયર કોમરેડ' ' કો-સ્ટારને સંબોધતાં તેણે લખ્યું, ' 'મિસ્ટર વિજય દેવરકોંડા!! એ માણસ જેણે મને શીખવ્યું કે સાચો પ્રેમ કેવો હોય છે, એ માણસ જેણે મને બતાવ્યું કે શાંતિમાં રહેવું કેવું લાગે છે! એ માણસ જેણે મને દરરોજ કહ્યું કે, મોટા સપના જોવા એકદમ યોગ્ય છે અને સતત મને કહેતો રહ્યો કે હું જે વિચારી શકું તેના કરતાં ઘણું વધારે હાંસલ કરવા સક્ષમ છું!''

## કેરળ હાઈકોર્ટે 'ધ કેરળ સ્ટોરી 2-ગોઝ બિયોન્ડ' ની રિલીઝ પર રોક લગાવી

**કેરળ** સ્ટોરી 2 ના નિર્માતાઓનો રિલીઝ રોકવા સામે ઉગ્ર વિરોધ, પણ કોર્ટ તરફથી કોઈ રાહત નહીં




કોચી, તા. 26 (PTI): 'ધ કેરળ સ્ટોરી 2-ગોઝ બિયોન્ડ'ના નિર્માતાઓ માટે એક ફટકા સમાન નિર્ણયમાં કેરળ હાઈકોર્ટે ગુરુવારે આ ફિલ્મની રિલીઝ પર સ્ટે આપતાં જણાવ્યું હતું કે, પ્રથમ દૃષ્ટિએ સીબીએફસી (સેન્સર બોર્ડ) દ્વારા કાયદાની જરૂરિયાતોનું ધ્યાન રાખ્યું નથી. ફિલ્મ નિર્માતાઓ અગાઉના સ્ટે સામે કોર્ટમાં દોડી ગયા બાદ, જસ્ટિસ સુશ્રુત અરવિંદ ધર્માધિકારી અને પીવી બાલકૃષ્ણનની બનેલી ડિવિઝન બેન્ચે મોડી સાંજે આ મામલાની સુનાવણી કરી, જો કે હાલ કોઇ રાહત આપી નથી. કોર્ટે એ પણ નોંધ્યું હતું કે, ' 'ફિલ્મમાં પ્રથમ દૃષ્ટિએ સાંપ્રદાયિક સૌહાર્દ બગાડવાની અથવા કોઈ સમુદાયને બદનામ કરવાની શક્યતા છે.'' અને ઉચ્ચ સત્તાવાળાઓ દ્વારા ચકાસણી કર્યા વિના તેની રિલીઝ કાયદેસર રીતે અયોગ્ય ગણાશે. જસ્ટિસ બેચુ કુરિયન થોમસે જણાવ્યું હતું કે, ફિલ્મના ટીઝરની સામગ્રીમાં ' 'જાહેર માનસને વિકૃત કરવાની અને સાંપ્રદાયિક સૌહાર્દને ખલેલ પહોંચાડવાની સંભાવના છે.'' તેથી, કોર્ટે જણાવ્યું હતું કે, સિનેમેટોગ્રાફ એક્ટ, 1952ની જોગવાઈઓ હેઠળ જરૂરી છે તેમ ' 'આંતરધર્મ ગતિશીલતા અને વિઝ્યુઅલ પ્રેઝન્ટેશન સહિત સંવેદનશીલ વિષયવસ્તુની તપાસ કરવા માટે ફિલ્મનું વ્યાપક મૂલ્યાંકન કરવું જરૂરી બની શકે છે.'' કોર્ટે વધુમાં જણાવ્યું હતું કે, વિખવાદ પેદા કરવાની, કાયદો અને વ્યવસ્થાને ખલેલ પહોંચાડવાની અથવા સામાજિક સૌહાર્દને નુકસાન પહોંચાડવાની વૃત્તિ ધરાવતી સામગ્રીનો પ્રસાર ભારતના બંધારણની કલમ 19(1)(એ)માં સમાવિષ્ટ વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાના દાયરામાં આવી શકે નહીં.

## સલીમ ખાનની તબિયતમાં સુધારો થઈ રહ્યો છેઃ આમિર ખાન



મુંબઈ, તા. 26 (PTI) સુપરસ્ટાર આમિર ખાને જણાવ્યું છે કે, તે પીઢ પટકથા લેખક સલીમ ખાનના પરિવાર સાથે સંપર્કમાં છે અને તેઓએ તેને જણાવ્યું છે કે તેમની તબિયતમાં સુધારો થઈ રહ્યો છે. સલીમ ખાનના સુપરસ્ટાર પુત્ર સલમાન ખાનના નજીકના મિત્ર આમિર ખાને કહ્યું હતું કે, તે તાજેતરમાં અહીંની લીલાવતી હોસ્પિટલમાં 90 વર્ષીય લેખકની મુલાકાત લેવા ગયો હતો, પરંતુ તેઓ આઈસીયુમાં હોવાથી તેમને મળી શક્યો ન હતો. 60 વર્ષીય અભિનેતાએ જણાવ્યું હતું કે, તેને ખાનની પુત્રી અલવીરા અગ્નિહોત્રી પાસેથી નિયમિત અપડેટ્સ મળી રહ્યા છે. અભિનેતાએ બુધવારે સાંજે પત્રકારોને જણાવ્યું હતું કે, ' 'હું સલીમ સાહેબને મળવા ગયો હતો અને અમે બધા પ્રાર્થના કરી રહ્યા છીએ કે તેઓ જલ્દી સ્વસ્થ થઈ જાય. તેઓ આઈસીયુમાં હોવાથી હું તેમને વ્યક્તિગત રીતે મળી શક્યો ન હતો... અલવીરા મને રોજ કહે છે કે તેમની તબિયતમાં સુધારો થઈ રહ્યો છે. અમે બધા પ્રાર્થના કરી રહ્યા છીએ કે તેઓ જલ્દી ઘરે પાછા ફરે અને તેમનું સ્વાસ્થ્ય સંપૂર્ણપણે પુનઃપ્રાપ્ત થાય.''



» જાપાનની રાજધાની ટોક્યોની બહાર આવેલા એક નાનકડા રહેણાંક વિસ્તારમાં, કાદવવાળા ખેતરમાં ૨૦૦ વર્ષ જૂની અનોખી પરંપરા જીવંત થઈ ઉઠી. કડકડતી ઠંડી અને ભારે વરસાદની પરવા કર્યા વગર ૩૦થી વધુ જાપાની પુરુષોએ માત્ર પરંપરાગત લંગોટી ધારણ કરી આ ઐતિહાસિક લણણી ઉત્સવમાં કાદવમાં રમાતા નકલી મલ્લ યુદ્ધમાં ભાગ લીધો હતો. આયોજકોના જણાવ્યા અનુસાર, આ બે સદી જૂની પરંપરા પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય ખેતીમાં પુષ્કળ લણણી થાય અને આવનારું વર્ષ સમૃદ્ધ રહે તેવી પ્રાર્થના કરવાનો છે.

## ક્યુબાએ એક સ્પીડબોટ પર ગોળીબાર કરીને ચારને મારી નાખ્યા

હવાના, તા. ૨૬(AP): ક્યુબાની સરકારે બુધવારે મોડી રાત્રે જણાવ્યું હતું કે, તેના સૈનિકો પર ગોળીબાર કરનારી બોટમાં સવાર ૧૦ મુસાફરો અમેરિકામાં રહેતા સશસ્ત્ર ક્યુબન નાગરિકો હતા, જેઓ ટાપુ પર ઘૂસણખોરી કરવા અને આતંકવાદ ફેલાવવાનો પ્રયાસ કરી રહ્યા હતા. આ જાહેરાત ક્યુબાના એ નિવેદનના કલાકો પછી આવી છે જેમાં જણાવાયું હતું કે, તેના સૈનિકોએ ફ્લોરિડામાં નોંધાયેલી એક સ્પીડ બોટ પર સવાર ચાર લોકોને ઠાર કર્યા છે અને અન્ય છને ઈજા પહોંચાડી છે. આ બોટ ક્યુબાની જળસીમામાં પ્રવેશી હતી અને તેણે પહેલા સૈનિકો પર ગોળીબાર કર્યો હતો, જેમાં ક્યુબાનો એક અધિકારી ઘાયલ થયો હતો. ક્યુબાની સરકારે જણાવ્યું હતું કે બોટ પર સવાર ૧૦ લોકોમાંથી મોટાભાગના લોકો ગુનાહિત અને હિંસક પ્રવૃત્તિઓનો જાણીતો ઈતિહાસ ધરાવે છે. અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોએ અગાઉ પત્રકારોને જણાવ્યું હતું કે તેઓ આ ઘટનાથી વાકેફ છે અને અમેરિકા હવે એ જાણવા માટે તેની પોતાની માહિતી એકત્ર કરી રહ્યું છે કે પીડિતો અમેરિકન નાગરિકો હતા કે ત્યાંના કાયમી રહેવાસીઓ.

# ઈસ્ટ ઈન્ડિયા કંપની ફડચામાં ગઈ: ૧૫૦ વર્ષ પછી બીજી વાર બંધ થઈ

આ કંપની ૧૮૭૪માં બંધ થઇ ગઇ હતી, પણ સંજીવ મહેતા નામના ઉદ્યોગપતિએ આ નામના અધિકારો ખરીદીને વર્ષ ૨૦૦૦માં તે ફરીથી શરૂ કરી હતી

લંડન, તા. ૨૬: એક સમયે ભારતના વિશાળ પ્રદેશો પર શાસન કરનાર ઈસ્ટ ઈન્ડિયા કંપની બીજી વખત બંધ થઈ ગઈ છે. ૨૦૦૦ના દાયકામાં ભારતીય ઉદ્યોગસાહસિક સંજીવ મહેતા દ્વારા આ કંપનીને મેફેર લક્ઝરી બ્રાન્ડ તરીકે ફરીથી શરૂ કરવામાં આવી હતી, જે ઉચ્ચ ગુણવત્તાવાળી ચા અને ખાદ્યપદાર્થોનું વેચાણ કરતી હતી. કંપની પર ૯,૫૦,૦૦૦ પાઉન્ડથી વધુનું દેવું હોવાથી તે હવે સ્વૈચ્છિક ફડચામાં ગઈ છે. લંડનના મેફેરમાં આવેલો ઈસ્ટ ઈન્ડિયા કંપનીનો ફ્લેગશિપ સ્ટોર હવે બંધ થઈ ગયો છે. મૂળ ઈસ્ટ ઈન્ડિયા કંપની લગભગ ૧૫૨ વર્ષ પહેલાં નિષ્ક્રિય થઈ ગઈ હતી, પરંતુ ૨૦૧૦માં એક બ્રિટિશ-ભારતીય ઉદ્યોગપતિએ આ નામના અધિકારો ખરીદીને તેને ફરીથી જીવંત કરી હતી. જો કે, નાદારી નોંધાવ્યા બાદ ઈસ્ટ ઈન્ડિયા કંપનીનો આ પ્રોજેક્ટ હવે અંત પામ્યો છે. મૂળ ઈસ્ટ ઈન્ડિયા કંપની સદીઓ પહેલા ભારતમાં વેપાર કરવા આવી હતી પણ પછી તેણે ભારતના અનેક વિસ્તારોમાં કાવાદાવા કરીને શાસન જમાવ્યું હતું. ૧૮૫૭ના વિપ્લવ પછી બ્રિટિશ સરકારે ઈસ્ટ ઈન્ડિયા કંપની પાસેથી ભારતનું શાસન પોતાના કબજામાં લીધું હતું. જે ભારતમાં સીધા બ્રિટિશ રાજની શરૂઆત હતી. બ્રિટિશ સરકારે ૧૮૭૪માં ઈસ્ટ ઈન્ડિયા કંપનીને વિખેરી નાખી હતી. જ્યારે ભારતીય ઉદ્યોગસાહસિક સંજીવ મહેતાએ ૨૦૧૦માં ઈસ્ટ ઈન્ડિયા કંપનીના નામના અધિકારો ખરીદ્યા, ત્યારે તેને સંસ્થાનવાદના બદલા તરીકે જોવામાં આવ્યો હતો.

## PM મોદી ઈન્સ્ટાગ્રામ પર 100 મિલિયન ફોલોઅર્સ ધરાવતા વિશ્વના નેતા બન્યા




**યુએસ** પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ 43.2 મિલિયન ફોલોઅર્સ સાથે બીજા ક્રમે છે

નવી દિલ્હી, તા. 26 (PTI): વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ઈન્સ્ટાગ્રામ પર 100 મિલિયન (10 કરોડ) ફોલોઅર્સનો મોટો આંકડો પાર કરી લીધો છે. આ સાથે તેઓ આ પ્લેટફોર્મ પર આ સિદ્ધિ મેળવનારા પ્રથમ વિશ્વ નેતા અને રાજકારણી બન્યા છે. એમ અધિકારીઓએ ગુરુવારે જણાવ્યું હતું. વડા પ્રધાન મોદી 2014માં ઈન્સ્ટાગ્રામ પર જોડાયા હતા અને છેલ્લા એક દાયકામાં તેમનું એકાઉન્ટ વૈશ્વિક નેતાઓમાં સૌથી વધુ આકર્ષક ડિજિટલ સ્પેસમાંનું એક બની ગયું છે. એમ અધિકારીઓએ જણાવ્યું હતું. વિશ્વના મુખ્ય વૈશ્વિક નેતાઓમાં મોદી હવે ઈન્સ્ટાગ્રામ પર સૌથી વધુ ફોલોઅર્સ ધરાવે છે. આ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર તેમના ફોલોઅર્સ યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ કરતાં બમણાથી પણ વધુ છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, અન્ય પાંચ મુખ્ય વિશ્વ નેતાઓના કુલ ફોલોઅર્સની સંખ્યા પણ મોદીના વ્યક્તિગત કુલ ફોલોઅર્સ કરતાં ઓછી છે. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ 43.2 મિલિયન ફોલોઅર્સ સાથે બીજા ક્રમે છે. ત્યાર બાદ ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાન્ટો 15 મિલિયન ફોલોઅર્સ સાથે, બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુઇઝ ઈનાસિયો લુલા દા સિલ્વા 14.4 મિલિયન ફોલોઅર્સ સાથે, તુર્કીના રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગન 11.6 મિલિયન ફોલોઅર્સ સાથે અને આર્જેન્ટિનાના રાષ્ટ્રપતિ જેવિયર માઈલી 6.4 મિલિયન ફોલોઅર્સ સાથે અનુક્રમે આવે છે. આ સિદ્ધિ વડા પ્રધાન મોદીની અપ્રતિમ વૈશ્વિક પહોંચ અને વિશ્વભરના યુવાનોમાં તેમની લોકપ્રિયતા દર્શાવે છે. એમ અધિકારીઓએ નોંધ્યું હતું. ભારતમાં પણ ફોલોઅર્સનું આ અંતર ઘણું મોટું છે. કારણ કે, મોદી ઈન્સ્ટાગ્રામ પર અન્ય ભારતીય રાજકીય નેતાઓ કરતાં ઘણા આગળ છે. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ આશરે 16.1 મિલિયન ફોલોઅર્સ સાથે બીજા સ્થાને છે.

# ફિલિપાઈન્સમાં જ્વાળામુખી ફાટ્યો: ૨.૫ કિમી ઊંચા રાખના ગોટા



મનિલા, ૨૬ ફેબ્રુઆરીઃ ફિલિપાઈન્સના મધ્ય ભાગમાં આવેલો સક્રિય જ્વાળામુખી 'કાનલાઓન' ગુરુવારે સાંજે ભયાનક ધડાકા સાથે ફાટ્યો હતો. સ્થાનિક સમય મુજબ સાંજે ૭:૦૪ વાગ્યે શરૂ થયેલા આ બે મિનિટના વિસ્ફોટને કારણે રાત્રિના અંધકારમાં આશરે ૨.૫ કિમી (૨૫૦૦ મીટર) ઊંચો રાખ અને ધુમાડાનો વિશાળ ગોટો આકાશમાં ફેલાઈ ગયો હતો. જ્વાળામુખી વિજ્ઞાન એજન્સીના ડાયરેક્ટર ટેરેસિટો બાકોલકોલે ચેતવણી આપી છે કે, આગામી થોડા દિવસોમાં આનાથી પણ મોટો વિસ્ફોટ થવાની શક્યતા છે. નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, એક જ અઠવાડિયામાં આ બીજો મધ્યમ શ્રેણીનો વિસ્ફોટ છે. હાલમાં જ્વાળામુખીની સ્થિતિને જોતા એલર્ટ લેવલ ૨ પર રાખવામાં આવ્યું છે, પરંતુ આગામી ૨૪ કલાકની દેખરેખ બાદ તેને વધારીને લેવલ ૩ કરવામાં આવી શકે છે. વિસ્ફોટ દરમિયાન જ્વાળામુખીના મુખમાંથી સળગતા પથ્થરો પણ આસપાસના વિસ્તારમાં પડતા જોવા મળ્યા હતા. જ્વાળામુખીની દક્ષિણ-પશ્ચિમ દિશામાં પવન હોવાથી રાખનો વિશાળ જથ્થો તે તરફ ફેલાયો છે. લા કાસ્ટેલાના જેવા નજીકના નગરોના રહેણાંક વિસ્તારોમાં રાખ પડવાની શરૂઆત થઈ ગઈ હોવાનું સ્થાનિક બચાવકર્મીઓએ જણાવ્યું છે. પ્રશાસન દ્વારા લોકોને સાવચેત રહેવા અને માસ્કનો ઉપયોગ કરવા સૂચના આપવામાં આવી છે.

# AI સમિટ પ્રદર્શન : દિલ્હી અને શિમલા પોલીસ વચ્ચે ૨૪ કલાક મડાગાંઠ ચાલી

**ટ્રાન્ઝિટ** રિમાન્ડ મંજૂર થયા બાદ પણ ટીમને ફરીથી અટકાવી, સામસામી દલીલબાજીમાં કલાકો નિકળી ગયા

### ધરપકડ કરાયેલા યુવક કોંગ્રેસના નેતા 3 દિવસની પોલીસ કસ્ટડીમાં

નવી દિલ્હી, ૨૬ ફેબ્રુઆરી(PTI): દિલ્હીની એક અદાલતે ગુરુવારે તે ત્રણ આરોપીઓને ત્રણ દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલી આપ્યા છે, જેમને ગયા અઠવાડિયે અહીં યોજાયેલ 'AI ઈમ્પેક્ટ સમિટ'માં અર્ધનગ્ન અવસ્થામાં વિરોધ પ્રદર્શન કરવા બદલ હિમાચલ પ્રદેશથી ધરપકડ કરીને રાજધાની લાવવામાં આવ્યા હતા. ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ મૃદુલ ગુપ્તાએ યુથ કોંગ્રેસના આ ત્રણેય કાર્યકરોની પાંચ દિવસની કસ્ટોડિયલ પૂછપરછની માંગ કરતી દિલ્હી પોલીસની અરજી પર આ આદેશ પસાર કર્યો હતો. મેજિસ્ટ્રેટ જણાવ્યું હતું કે પોલીસ રિમાન્ડ પૂર્ણ થયા બાદ ૧ માર્ચના રોજ આ ત્રણેય આરોપીઓને ફરીથી કોર્ટમાં રજૂ કરવાના રહેશે. ચુસ્ત સુરક્ષા બંદોબસ્ત વચ્ચે આરોપીઓને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા.

શિમલા, તા. ૨૬(પીટીઆઈ): દિલ્હી અને શિમલાની પોલીસ ટીમો વચ્ચે ચાલેલી હાઈ-વોલ્ટેજ ખેંચતાણ ગુરુવારે સવારે ૨૪ કલાકના નાટકીય ઘટનાક્રમ બાદ અંતે સમાપ્ત થઈ હતી. એઆઈ (AI) સમિટમાં શર્ટલેસ વિરોધના સંબંધમાં ધરપકડ કરાયેલા યુથ કોંગ્રેસના ત્રણ કાર્યકરોને સાથે લઈને દિલ્હી પોલીસની ટીમને આખરે રાષ્ટ્રીય રાજધાની પરત ફરવાની મંજૂરી આપવામાં આવી હતી. આ ૨૪ કલાકની મડાગાંઠ દરમિયાન, એસીજેએમ (ACJM) પાસેથી ટ્રાન્ઝિટ રિમાન્ડ મેળવ્યા હોવા છતાં દિલ્હી પોલીસની ટીમને લગભગ પાંચ કલાક સુધી અટકાયત''માં રાખવામાં આવી હતી.

બુધવારે સાંજે, હિમાચલ પ્રદેશ પોલીસે દિલ્હી પોલીસના કર્મચારીઓ વિરુદ્ધ અપહરણનો કેસ નોંધ્યો હતો અને શિમલા નજીક શોગી બોર્ડર પર તેમના વાહનો રોકી દીધા હતા. આ ઘટના ત્યારે બની જ્યારે તેઓ ત્રણેય યુથ કોંગ્રેસના સભ્યોને કસ્ટડીમાં લઈને દિલ્હી તરફ જઈ રહ્યા હતા. બુધવારે મોડી રાત્રે શિમલાની દીનદયાલ ઉપાધ્યાય ઝોનલ હોસ્પિટલમાં તબીબી તપાસ કરાવ્યા બાદ, ત્રણેય આરોપીઓ અને દિલ્હી પોલીસના સભ્યોને રાત્રે ૧.૩૦ વાગ્યે એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ એકાંશ કપિલના નિવાસસ્થાને લઈ જવામાં આવ્યા હતા. ત્યાં તેમને ટ્રાન્ઝિટ રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા અને તેઓએ પોતાની મુસાફરી ફરી શરૂ કરી હતી.જોકે, ગુરુવારે વહેલી સવારે શિમલા શહેરના કનલોગમાં દિલ્હી પોલીસની ટીમને ફરીથી અટકાવવામાં આવી હતી. તેમને સૂચના આપવામાં આવી હતી કે તેઓ આરોપીઓ અને કેટલાક પોલીસ કર્મચારીઓ સાથે દિલ્હી પરત ફરે, જ્યારે બાકીના સભ્યોએ રોકાઈને તેમની વિરુદ્ધ નોંધાયેલા અપહરણના કેસની તપાસમાં સહકાર આપવો પડશે.

## વિશાળ હિપ્પોએ હોડી પલટાવી પિતા સામે જ પુત્ર પર કર્યો હુમલો



લોવેલ્ડ( દક્ષિણ આફ્રિકા), તા. 26: દક્ષિણ આફ્રિકાના પ્રખ્યાત ક્રુગર નેશનલ પાર્ક નજીક એક ડેમમાં રુંવાડા ઉભા કરી દે તેવી ઘટના સામે આવી છે. તાજેતરમાં આવેલા પૂરને કારણે એક ફાર્મમાંથી ભાગી ગયેલા હિપ્પોપોટેમસ અને તેના બચ્ચાને પકડવા માટે 'ધ ડિજિટલ આર્ક' નામના સંરક્ષણવાદી જૂથના સભ્યો કામગીરી કરી રહ્યા હતા. આ દરમિયાન એક વિશાળ હિપ્પોએ ઓચિંતા હુમલો કરીને એક રેન્જરની હોડી પલટાવી દીધી હતી. સંરક્ષણવાદી ઝેન્ડર અને તેની ટીમ હિપ્પોને ડાર્ટ ગન (બેભાન કરવાની બંદૂક)થી શૂટ કરીને સુરક્ષિત રીતે પાછા લઈ જવાની તૈયારી કરી રહ્યા હતા. જોકે, અચાનક હિપ્પોએ પાણીની અંદરથી હોડીને જોરદાર ટક્કર મારી તેને હવામાં ઉછાળી દીધી હતી. ઝેન્ડર સીધો પાણીમાં પટકાયો હતો, જ્યારે તેના પિતા આન્દ્રે પિયનાર નજીકના અન્ય એક તરાપા પરથી આ ભયાનક દૃશ્ય લાચાર બનીને જોઈ રહ્યા હતા. વીડિયો ફૂટેજમાં જોઈ શકાય છે કે ઝેન્ડર જીવ બચાવવા માટે પલટી ગયેલી હોડી પર ચઢવાનો પ્રયાસ કરી રહ્યો હતો. આ જ સમયે તેના પિતાએ તાત્કાલિક પોતાની પિસ્તોલ કાઢી હતી. આન્દ્રેએ બાદમાં એક અખબારને જણાવ્યું કે, "મેં પિસ્તોલ કાઢી તો ખરી, પણ તે માત્ર મારા મનની શાંતિ માટે હતી, કારણ કે આવા ખતરનાક પ્રાણી સામે આ નાનકડું હથિયાર કંઈ કામ ન આવે." સદનસીબે, આ ઘટના બાદ હિપ્પો શાંત પડીને ત્યાંથી દૂર ચાલ્યો ગયો હતો. આન્દ્રેએ જણાવ્યું કે તેમણે ૪૦ મીટર દૂર હિપ્પોના ઘોરકવાનો અવાજ સાંભળ્યો હતો, પરંતુ ઝેન્ડરનો આબાદ બચાવ થયો હતો.

## કુનો નેશનલ પાર્કમાં ચિત્તાઓના ભોજન પાછળ રોજનો ૩૫,૦૦૦નો ખર્ચ

**મધ્ય** પ્રદેશ સરકારનો વિધાનસભામાં ખુલાસો



ભોપાલઃ મધ્ય પ્રદેશના કુનો નેશનલ પાર્કમાં આફ્રિકન ચિત્તાઓના ઉછેર પાછળ થતો ખર્ચ હવે રાજકીય વિવાદનું કેન્દ્ર બન્યો છે. વિધાનસભામાં કોંગ્રેસના ધારાસભ્ય મુકેશ મલ્હોત્રા દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં મુખ્યમંત્રી મોહન યાદવે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન ચિત્તાઓ માટે માત્ર બકરાના માંસની ખરીદી પાછળ જ કુલ ૧,૨૭,૧૦,૮૭૦નો ખર્ચ કરવામાં આવ્યો છે. આ હિસાબ મુજબ, પાર્કમાં રહેલા ચિત્તાઓના ભોજન પાછળ સરકાર દરરોજ અંદાજે ૩૫,૦૦૦નો જંગી ખર્ચ કરી રહી છે. હાલમાં કુનોમાં પુખ્ત અને ભારતમાં જન્મેલા મળીને કુલ ૩૫ ચિત્તાઓ વસવાટ કરી રહ્યા છે.

સરકારે લેખિતમાં એ પણ સ્પષ્ટતા કરી છે કે ચિત્તાઓના ખોરાક માટે બજેટમાં કોઈ અલગથી જોગવાઈ કરવામાં આવી નથી, પરંતુ જરૂરિયાત મુજબ અન્ય હેડમાંથી ફંડ ડાયવર્ટ કરવામાં આવે છે. પશુચિકિત્સકોની સલાહ અને દેખરેખ ટીમના રિપોર્ટના આધારે જ માંસનો પુરવઠો પૂરો પાડવામાં આવે છે, જેની કોઈ ચોક્કસ દૈનિક સંખ્યા નિર્ધારિત નથી. વિપક્ષે એવો આરોપ લગાવ્યો હતો કે શું ખોરાકની અછતને કારણે વન્યજીવો આસપાસના ગામડાઓમાં પશુઓનો શિકાર કરી રહ્યા છે, જોકે સરકારે આ દાવાઓને નકારી કાઢ્યા છે અને જણાવ્યું છે કે ચિત્તાઓની સુરક્ષા અને સ્વાસ્થ્ય માટે ૨૪ કલાક મોનિટરિંગ કરવામાં આવે છે.

## ચીન: 10 વર્ષના બાળકે પિતા વિરુદ્ધ કેસ જીત્યો

**પિતાએ** બીજા લગ્ન માટે બાળકને ગિફ્ટમાં મળેલા રૂ. 11 લાખ વાપર્યા હતા

### કોર્ટનો મહત્વનો ચુકાદો

બાળકે તેની માતાની મદદથી કરેલા આ કેસમાં કોર્ટે સ્પષ્ટ કર્યું કે:
**વ્યક્તિગત મિલકતઃ** ચીનના સિવિલ કોડ મુજબ, સગીર બાળકને મળેલી નાણાકીય ભેટ એ બાળકની વ્યક્તિગત મિલકત ગણાય છે.
**વાલીની મર્યાદાઃ** માતા-પિતા બાળકની મિલકતના રક્ષક હોઈ શકે છે, પરંતુ તેઓ આ નાણાંનો ઉપયોગ માત્ર બાળકના હિતમાં (જેમ કે શિક્ષણ કે સારવાર) જ કરી શકે છે.
**હકોનું ઉલ્લંઘનઃ** પિતાએ પોતાના અંગત મોજશોખ કે બીજા લગ્ન માટે બાળકની બચત વાપરવી એ કાયદેસર રીતે બાળકના હકોનું ઉલ્લંઘન છે.
આ ઘટનાએ સોશિયલ મીડિયા પર મોટી ચર્ચા જગાવી છે. ઘણા લોકોએ બાળકની હિંમત અને કાયદાકીય સમજની પ્રશંસા કરી છે, તો બીજી તરફ વડીલો દ્વારા બાળકોના પૈસા વાપરવાની પ્રથા સામે સવાલો ઉભા થયા છે.

બેજિંગઃ ચીનના હેનાન પ્રાંતમાં એક આશ્ચર્યજનક કિસ્સો સામે આવ્યો છે, જ્યાં એક ૧૦ વર્ષના બાળકે તેના પોતાના પિતા વિરુદ્ધ કોર્ટમાં કેસ જીત્યો છે. પિતાએ બાળકના 'લૂનર ન્યૂ યર' (ચીની નવું વર્ષ) દરમિયાન મળેલી ભેટની રકમનો ઉપયોગ પોતાના બીજા લગ્નનો ખર્ચ ઉઠાવવા માટે કર્યો હતો. કોર્ટે પિતાને આદેશ આપ્યો છે કે તેઓ વ્યાજ સાથેની આ તમામ રકમ (આશરે ૮૨,૭૫૦ યુઆન અથવા ૧૧ લાખથી વધુ) પુત્રને પરત કરે.

ચીની સંસ્કૃતિમાં 'હોંગબાઓ' એટલે કે લાલ પરબિડીયામાં પૈસા ભેટ આપવાની વર્ષો જૂની પરંપરા છે. આ બાળક તેના પિતા સાથે રહેતો હતો અને વર્ષોથી તેને ભેટમાં મળેલી રકમ પિતા દ્વારા સંચાલિત બેંક ખાતામાં જમા થતી હતી. પિતાના બીજા લગ્ન બાદ જ્યારે બાળક તેની માતા પાસે રહેવા ગયો, ત્યારે જાણવા મળ્યું કે પિતાએ ખાતામાંથી તમામ પૈસા ઉપાડી લીધા હતા. પિતાએ આ રકમ પરત આપવાનો ઈનકાર કરતા દલીલ કરી હતી કે, આ પૈસા તેમના જ સંબંધીઓ અને મિત્રોએ આપ્યા હતા, તેથી તે રકમ પર તેમનો હક છે.

ડેડીકેટેડ ફ્રેટ કોરીડોર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ
ભારત સરકાર (રેલવે મંત્રાલય)નું સાહસ
ટેન્ડર આમંત્રિત કરતી નોટિસ (NIT)
ચીફ જનરલ મેનેજર/સુરત, DFCCIL વતી અને તેમના દ્વારા નિર્ધારિત ફોર્મ પર સિંગલ પેકેટ સિસ્ટમ હેઠળ એવી પેઢીઓ/કંપનીઓ પાસેથી ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે જેઓ નીચેના કાર્યોના અમલીકરણ માટે જરૂરી અનુભવ અને નાણાકીય ક્ષમતા ધરાવે છેઃ - ઈ-ટેન્ડર નં.: DFC-ST-EL-GN-MT/ 2026/06, કાર્યનું નામઃ CGM/સુરત યુનિટ હેઠળ મકરપુરા થી ભેસ્તાન વચ્ચે સ્ટેશન બિલ્ડીંગો, CGM ઓફિસ, IMD, IMSD, સર્વિસ બિલ્ડીંગો, સ્ટાફ ક્વાર્ટર્સ, ઇલેક્ટ્રિકલ અસેટ્સ અને અન્ય આનુષંગિક કામો માટે જનરલ પાવર સપ્લાય (E&M)ની જાળવણી, 24 મહિનાના સમયગાળા માટે. કાર્યની અંદાજિત કિંમતઃ રૂ. 2,28,49,658.50 (રૂપિયા બે કરોડ અઠ્ઠાવીસ લાખ ઓગણપચાસ હજાર છસો અઠ્ઠાવન અને પચાસ પૈસા માત્ર) GST સિવાય (GST અલગથી ચૂકવવામાં આવશે). પૂર્ણ કરવાનો સમયગાળોઃ કુલ 24 (ચોવીસ) મહિના. ટેન્ડર ફીઃ શૂન્ય (NIL). બાનાની રકમ (Earnest Money): રૂ. 2,64,300/- (રૂપિયા બે લાખ ચોસઠ હજાર ત્રણસો માત્ર). (www.ireps.gov.in પર આપવામાં આવેલા પેમેન્ટ ગેટવે દ્વારા ઓનલાઇન ચૂકવવાની રહેશે.) ઓફરની માન્યતાઃ ટેન્ડર ખુલવાની તારીખથી 90 દિવસ. ઇન-ચાર્જ ઓફિસ અને હેલ્પડેસ્કઃ શ્રી કે.સી. વણકર, Dy.CPM/Elect/ST, સેલ નં. 7600012576 અને ફોન નં. 011-23761525. NIT અને ટેન્ડર દસ્તાવેજ પ્રસિદ્ધ કરવાની તારીખ અને સમયઃ NIT અને ટેન્ડર દસ્તાવેજ 25.02.2026 થી DFCCIL અને IREPSની વેબસાઇટ પર જોઈ શકાશે. ટેન્ડર દસ્તાવેજ સબમિટ કરવાની શરૂઆતની તારીખ અને સમયઃ બિડિંગ (Bidding) 25.02.2026 થી શરૂ થશે અને 18.03.2026 ના રોજ 15:00 કલાક સુધી www.ireps.gov.in પર કરી શકાશે. ટેન્ડર ખોલવાની તારીખ અને સમયઃ 18.03.2026ના રોજ 15:30 કલાકે www.ireps.gov.in પર. નોંધઃ શુદ્ધિપત્રક/ઉમેરો, જો કોઈ હોય તો, તે ફક્ત DFCCILની વેબસાઇટ અને www.ireps.gov.in પર જ પ્રસિદ્ધ કરવામાં આવશે.

વલસાડ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.
મુ.પો. આલીપુર, તા. ચીખલી, જિ. નવસારી
:: ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાકટ - ટેન્ડર નોટિસ ::
સંઘ દ્વારા સને ૨૦૨૬ થી ૨૦૨૮ સુધી ૦૨ વર્ષ માટે ટ્રાન્સપોર્ટ કોન્ટ્રેક્ટ આપવાનો છે. ટ્રાન્સપોર્ટ કોન્ટ્રેક્ટનું કામ કરતાં ઈસમો પાસેથી નીચે જણાવેલ કામો માટે સીલબંધ કવરમાં ટેન્ડરો આમંત્રિત કરવામાં આવે છે.
- વલસાડ, નવસારી અને ડાંગ જિલ્લાની સંઘ સંયોજિત ગ્રામ્ય દૂધ મંડળીના સ્થળેથી સવાર/સાંજ આલીપુર ડેરી, વઘઈ, સુબીર અને મોટાપોંઢા સ્થળે દૂધના કેનો લાવવા / લઈ જવાની કામગીરી.
- વસુધારા ડેરી આલીપુર સ્થળેથી વલસાડ, નવસારી, કોલ્ડ સ્ટોરેજ સ્થળે તેમજ વાપી, મોટાપોંઢા તથા સંઘ જણાવે તે સ્થળોએ સવાર / સાંજ ઈન્સ્યુલેટેડ વાહન મારફત દૂધ તથા દૂધની બનાવટોના ક્રેઈટસ પહોંચતા કરવાની/પરત લાવવાની કામગીરી.
- વલસાડ, નવસારી અને ડાંગ જિલ્લાની સંઘ સંયોજિત ગ્રામ્ય દૂધ મંડળીના સ્થળે ચાલતા કૃત્રિમ બીજદાન કેન્દ્રો પર લીકવીડ નાઈટ્રોજન પૂરો પાડવા તેમજ મંડળીઓનો સામાન પહોંચાડવાની કામગીરી.
- વલસાડ, નવસારી અને ડાંગ જિલ્લાની સંઘ સંયોજિત ગ્રામ્ય દૂધ મંડળીના સ્થળોએ તેમજ સંઘના વિવિધ પ્રોજેક્ટના સ્થળોએ કે અન્ય કામના સ્થળોએ "દૈનિક વિસ્તરણ સેવા" ની કામગીરી માટે T / મેક્સી પાસીંગ વાહનો.
- ખેડૂતો અને ગ્રાહકોના તાલીમ પ્રવાસો માટે લક્ઝરી બસ.
- વસુધારા ડેરી કેટલ ફીડ પ્લાન્ટ - ખેરગામ થી અને સુબીર ચીલીંગ સેન્ટર પરથી સંઘ સંયોજિત ગ્રામ્ય દૂધ મંડળી સ્થળે તેમ જ વસુધારા ડેરી કેટલ ફીડ પ્લાન્ટ - ખેરગામ થી ઘુલીયા અને કરંજવન પ્લાન્ટ સુધી દાણ પહોંચાડવાની કામગીરી.
- સંસ્થાના કેન વોશર ડોક પરથી દૂધ અને દૂધની બનાવટો માટેના ખાલી ક્રેઈટસોના આંતરિક પરિવહનની કામગીરી.
- બલ્ક કૂલર વાળી દૂધ મંડળીઓ ઉપરથી દૂધ સંપાદન માટે ટેન્કરો.

સૂચના :
- ટેન્ડર જાહેરાત ટેન્ડર ફોર્મ સાથે બીડાણ કરવામાં આવેલ "ટેન્ડરની શરતો'' ને આધિન છે.
- ટેન્ડર ફોર્મ, ટેન્ડરની શરતો, રૂટની વિગતો અને વાહનોની સંખ્યા સંઘના મુખ્ય કાર્યાલયેથી તા.૦૫.૦૩.૨૬ થી તા. ૧૩.૦૩.૨૬ સુધી (રજાના દિવસો સિવાય) સવારે ૧૧.૦૦ વાગ્યાથી સાંજના ૦૩.૦૦ વાગ્યા દરમ્યાન રૂા.૧૦૦૦/- રોકડા કાર્યાલયમાં જમા કરાવ્યેથી મળી શકશે.
- ભરેલા ટેન્ડરો તા.૦૫.૦૩.૨૬ થી તા. ૧૩.૦૩.૨૬ સુધી કાર્યાલયમાં સાંજના ૦૪.૦૦ વાગ્યા સુધી સ્વીકારવામાં આવશે.
- આવેલ ટેન્ડરો હાજર રહેલ ટેન્ડરરોની હાજરીમાં તા.૧૮.૦૩.૨૬ ના રોજ બપોરે ૦૧.૦૦ કલાકે ખોલવામાં આવશે.

તારીખ : ૨૭.૦૨.૨૬ I/C મેનેજિંગ ડિરેક્ટર